**શ્રાવણ વદ ૧૪, રવિવાર તા. ૨૧-૮-૧૯૬૦**
**ઋષભજિન સ્તોત્ર-ગાથા-૪ થી ૭, પ્રવચન-૩**

પદ્મનંદી આચાર્ય દિગંબર સંત ભાવલિંગી મુનિ આત્માના સહજાનંદ સ્વરૂપમાં ઉગ્રપણે ઝુલનાર, એવી સ્વતંત્ર સ્વભાવની દશામાં પરમાત્માની ભક્તિ કરે છે. જે આદિશ્વર ભગવાન જેને અબજો વર્ષના આંતરા, અસંખ્ય અબજ વર્ષના અંતર પડ્યા એનું અંતર ભાંગીને આમ ભગવાન પરમાત્મા અરિહંત સાક્ષાત્ જ્યારે (બિરાજતા) એની વાત છે, હોં! સિદ્ધ થયા એની અહીંયાં વાત નથી. ઋષભદેવ ભગવાન સિદ્ધ થયા એની વાત નથી. અરિહંતપદે જાણે અત્યારે બિરાજે છે એમ કરીને ભગવાનની સ્તુતિ મુનિ પદ્મનંદિઆચાર્ય કરે છે.

ખરેખર તો સ્તુતિમાં બે પ્રકાર છે. એ અહીં કહે છે, જુઓ! ત્રણ ગાથા તો થઈને? ત્રણ ગાથા થઈ. પ્રભુ! આપને ચર્મચક્ષુથી દેખે તેના હરખનો પાર ત્રણ લોકમાં ન સમાય એટલો હોય. તો જેણે આ જ્ઞાન, જ્ઞાનની વર્તમાન દશા દ્વારા જ્ઞાયકને ઓળખીને જ્ઞાયકની પૂર્ણતા જેણે પ્રાપ્ત કરી, એના આનંદ અને અતીન્દ્રિય નિર્વિકલ્પ નામ રાગ મિશ્રિત દશા છૂટી અને અરાગી વીતરાગી આત્માની સ્તુતિ, ભક્તિ જે પરિણતિ થાય એના આનંદનું શું કહેવું? શાંતિભાઈ! આ સ્તુતિ કરે છે ઋષભદેવ ભગવાનની. સમજાય છે? એ તો આગળ હમણાં આવશે, માતાની વાત ને ઈ.

આમ ઈન્દ્રો, ભગવાનનો જ્યારે જન્મ થાય છે-આ દેહની સ્થિતિ, અંતર જન્મ તો પોતાની નિર્મળ પર્યાયમાં થાય છે અને વૃદ્ધિગત થાય છે. જ્યારે ભગવાન જન્મે છે દેહથી નિમિત્ત તરીકે મરુદેવી માતાની કૂંખેથી, (ત્યારે) ઈન્દ્ર આવે છે. ઈન્દ્ર આવીને માતાને વંદન કરે છે. નમો રત્નકૂખ ધારીણી! હે રત્નને કૂખમાં રાખનારી માતા! ભાષા તો સહેલી છે. સમજાય છે ને? નેમિચંદજી! થોડું થોડું ધ્યાન રાખે તો સમજાય (એવી) છે. ઈન્દ્ર આવીને માતાનું સ્તવન કરે છે. માતા! આપના પેટરૂપી પટારો રત્નનો, એમાં ભગવાન આવ્યા અને જન્મ્યા, માતા! નમો. નમસ્કાર કરું છું. જગતની તું માતા છો. ભગવાનની માતા એ જગતની માતા.

પછી કહે છે, બાળ વયે હોં! હજી. ત્રણ જ્ઞાન થયા છે ભગવાનને તો. ત્રણ જ્ઞાન તો લઈને આવ્યા છે. કહે છે કે, માતા! એ આપનો પુત્ર જે છે ને એ 'પુત્ર તમારો ધણી હમારો, તરણ તારણ જહાજ રે...' ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રને શુભવિકલ્પથી જ્યારે ભક્તિ ઉછળે છે. માતાના કૂખમાંથી (જન્મ્યા પછી) જ્યારે મેરુ પર્વત ઉપર સ્નાન કરાવી અને લાવીને ગોદમાં જ્યારે ઠરે એટલે સ્થાપે છે ત્યારે ઈન્દ્ર કહે છે,

પુત્ર તમારો ધણી હમારો તરણ તારણ જહાજ રે.

માતા જતન કરીને રાખજો...

કેવળચંદભાઈ! કોણ કહે છે આ? કેવળચંદભાઈ!

માતા જતન કરીને રાખજો. તુમ સુત અમ આધાર રે...

હે માતા! તમારો પુત્ર અમારો આધાર છે. જુઓ! એક વ્યવહાર ભક્તિ વિકલ્પ ઉઠતાં પણ કેટલી થાય છે! સમજાય છે કાંઈ? આમ મા-બાપને નથી કહેતા કે આપ તો શિરછત્ર છો. આપની છત્રછાયાએ પિતાજી અમે ઉછર્યા, મોટા થયા, આપના વિરહ પડે છે અમને. છેલ્લી સ્થિતિએ એમ કહે કે નહિ? ચંદુભાઈ! આપની છત્રછાયા નીચે અમે મોટા થયા, મલાયા, અમને આપે સુવરાવ્યા. તમે હવે ચાલ્યા જાવ છો, અમને અંદર વિરહ લાગે છે. આ તો બહારના અશુભ રાગની વાત છે.

ઈન્દ્ર પણ આમ ભગવાનનું શરીર જોવે છે. સ્નાન કરીને લાવે છે. એ શરીર તો જુઓ કેવું! જન્મતા .. લઈને ત્યાં આમ પાંડુક શિલા ઉપર બિરાજમાન કરે અને કેટલા પાણીનો મોટો ઘડો એવો આવે છે. ૧૦૮ ઘડા માથે નાખે.

મુમુક્ષુ :- ડૉક્ટર કેમ માને?

સમાધાન :- ડૉક્ટર કેટલાક છે આમાં? ચંદુભાઈ એક છે કે બીજા છે કોઈ?

ભાઈ! જેનું આત્મસ્વરૂપ અંતરમાં આનંદ સચ્ચિદાનંદ ધ્રુવને ખીલવાની કળી જેને પરિણમી છે અંદર, પણ અધૂરાશ છે એટલે રાગ હતો (તેથી) તીર્થંકર ગોત્ર બંધાઈ ગયેલું એટલે શરીરનો સંયોગ આવ્યો. પણ એ શરીર પણ એવું હોય. જેમ ચૈતન્ય ધ્રુવ વજ્રમય ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિમાં એકાકાર થઈને કોતરણી કરીને પરિણમન કરે છે, એમાં બાકી રહેલો રાગ, એનું પુણ્ય બંધાણું એમાં શરીર મળ્યું. એવું શરીર કે હજાર ઘડા ૧૦૮ ઘડામાં કેટલું પાણી કેટલી મોટી મોટી વાતો છે. છે હોં! બધું એમ છે. બીજો તો જન્મતાવેંત પાણી એકવાર નાખે તો મરી જાય. ચંદુભાઈ!

અરે..! ભાઈ! એ આત્માનો સ્વભાવ અચિંત્ય અને તેની ભૂમિકામાં થતો રાગ ને પુણ્ય પણ કોઈ સત્પુણ્ય છે. એ પુણ્યને પણ સત્પુણ્ય કહેવાય છે. સમજાય છે કાંઈ? આત્માની અખંડાનંદ ચૈતન્ય જ્યોત જે નિર્મળાનંદ, જેનો પરથી પૃથક્પણે, સંયોગ અને રાગની પૃથક્પણે જેની ઝળક ચૈતન્યની અંદર દૃષ્ટિમાં લઈને ઉઠી છે એવા વજ્રમય ચૈતન્યની સંભાળમાં જે કાંઈ વિકલ્પ ભગવાનની ભક્તિ આદિનો આવે છે કે તીર્થંકરોને જગતના જીવો ધર્મ સમજે એવી વૃત્તિ ઉઠે છે કે હું પૂર્ણ થાઉં એ વૃત્તિ થાય છે, એના ફળમાં શરીર વજ્ર વજ્ર જેવું. ગમે તેટલા પાણી પડે. એમ સ્નાન કરાવીને માતાની ગોદમાં મૂકે છે.

(ઈન્દ્ર કહે છે), માતા! આ પુત્ર તો તમારો, પણ અમારો ધણી છે, હોં! લે એલા ઈન્દ્ર! પણ તું એકાવતારી ક્ષાયિક સમકિતી. એક ભવ ત્યાંથી કરીને મનુષ્ય થઈને મોક્ષ જવાના. પણ એ ભક્તિ સ્વરૂપની જેને પ્રગટી છે એને સ્વરૂપને પ્રાપ્ત પુરુષ પ્રત્યે ભક્તિનો એવો

ભાવ આવ્યા વિના રહેતો નથી. ચંદુભાઈ! છતાં જ્ઞાની સમજે છે કે એ રાગ બંધનું કારણ છે, પુણ્યબંધનું કારણ છે, હેય છે, આદરણીય ખરેખર નથી. વ્યવહારે વ્યવહાર આદરણીય છે એમ જાણે છે. પરમાર્થ દૃષ્ટિમાં એ આદરણીય નથી. આધાર, માતા! તારો દીકરો તો અમારો ધણી અને અમારો આધાર છે. તરણ તારણ (છે). માતા જતન કરીને (રાખજે).

વળી એકકોર ક્રમબદ્ધે થાવું હોય તે થાય. વળી આ શું? ભાઈ! એવા વિકલ્પો આવે અને એવી વાણી પણ વાણીને કાળે નીકળે. જતન કરીને રાખજો, માતા! આ મોટા થશે, મુનિ થશે, કેવળજ્ઞાન પામશે. અમારા આધાર છે. દિવ્યધ્વનિ અમારે સમવસરણમાં એમની પાસે સાંભળવી છે. એવો ભાવ સમ્યગ્દૃષ્ટિ જીવને આવ્યા વિના રહેતો નથી.

અહીં હવે એના જ્ઞાનની વ્યાખ્યા કરે છે, જુઓ! પ્રભુ! આપનું કેવું જ્ઞાન છે? જુઓ! આ જ્ઞાન. પૂર્ણ પામ્યા ત્યારની વાત. આ તો શરૂઆતમાં ભક્તિ આવી ઈન્દ્રો કરે છે. જ્યારે પૂર્ણ જ્ઞાન પામે છે ત્યારે એ જ્ઞાનનો વિસ્તાર કેવો? એમ લક્ષમાં લઈને પદ્મનંદિ આચાર્ય ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે.

ગાથા-૪.

तं जिण णाणमणंतं विसईकयसयलवत्थुवित्थारं।
जो थुणइ सो पयासइ समुद्दकहमवडसालूरो।।४।।

**'હે જિનેન્દ્ર! જેણે સમસ્ત વસ્તુઓના વિસ્તારને વિષય કરી લીધો છે એવા અનંત જ્ઞાન સ્વરૂપ આપની જે પુરુષ સ્તુતિ કરે છે તે પુરુષ કૂપમંડુક (કૂવાનો દેડકો સમુદ્રના વિસ્તારનું વર્ણન કરે છે) તેના જેવું છે.'** જરી શું કહે છે ભક્તિ કરતાં ભગવાન પરમાત્મા, હે નાથ! આ શુભ વિકલ્પ ઉઠે છે ને અમને. આપના અનંત-અનંત બેહદ એક સમયમાં, સેકન્ડના એક અસંખ્યમા ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનો જે વિસ્તાર, સામાન્ય અને વિશેષ, એક એક સમયની પર્યાય, પ્રભુ! આપના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે જણાય છે. સમજાય છે?

ભગવાનના કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થનો વિસ્તાર ક્ષેત્રથી, કાળથી, દ્રવ્યથી અને ભાવથી જેટલું સ્વરૂપ છે એ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. કહે છે કે ભગવાન! આપના એ કેવળજ્ઞાનની સ્તુતિ શી રીતે થાય? દેડકો કૂવામાં રહેલો, એને દરિયાનો દેડકો એક આવ્યો એના કૂવામાં. ત્યારે દરિયાનો દેડકો કહે છે કે ભાઈ! હું જે સ્થાનમાં રહું છું ને, એ સ્થાન મોટુ બહુ છે. કૂવાનો દેડકો કહે પેટ ફૂલાવીને કે કેવડું? આટલું તો નહિ હોય ને તારું સ્થાન? ભાઈ! એ માપ એમ આવે એવું નથી. એ કૂવાની અંદરની પેઢલીમાં એક પેઢલીથી બીજે પેઢલીએ કૂદીને કૂવાનો દેડકો પડે કે લે, તારા દરિયાનું માપ આટલું તો હશે ને? કેટલું વળી આથી વધારે હશે? ના ના, ભાઈ! એ તારા પેટના ફૂલાવે દરિયાના માપ ન આવે. પણ તારા કૂદકે કૂદકે પણ એ દરિયાના માપ ન આવે.

એમ સર્વજ્ઞ પરમાત્માની વિકલ્પના ભાવ દ્વારા, શુભરાગ દ્વારા એની સ્તુતિ કરે, પ્રભુ! પાર ન આવે. એની કેવળજ્ઞાનની પરમાત્માની સ્તુતિ વિકલ્પ દ્વારા પાર પડે નહિ. એ તો રાગથી રહિત થઈ અંતર ચૈતન્યના જ્ઞાનમાં ગુમ થાય, સ્વભાવની શક્તિના પિંડમાં પ્રભુ આત્મા પોતે ગુમ થાય ત્યારે જ એ ભગવાનની સ્તુતિ કરી શકે એમ કહેવામાં આવે છે. કહો, વજુભાઈ!

અહીં તો ભાઈ! ભગવાન પાસે ઘણી સ્તુતિ અને ભક્તિ કરે. 'તારજો રે તારજો મહારાજ શિવપદ અમને આપો.' સ્તુતિ આવે કે નહિ? કેવળચંદભાઈ! કહે છે, બાપુ! એ સર્વજ્ઞ પરમાત્મા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (સર્વને જાણે છે). દ્રવ્ય એટલ વસ્તુ અનંત છે, ક્ષેત્ર અનંત છે, કાળ અનાદિઅનંત છે. ભાવ-એક એક દ્રવ્યના અનંતા ગુણો એ સંખ્યાએ માપ આવે એવા નથી. અને તેની ત્રણ કાળની પર્યાયો ભગવાનના જ્ઞાનમાં આવી, એની સ્તુતિ શુભરાગ દ્વારા થઈ શકે એવું છે નહિ. એ તો વ્યવહાર સ્તુતિ છે, કહે છે. નિશ્ચય સ્તુતિ તો તારી જેણે કરી એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ?

આમાં જ વાંધા ઉઠ્યા છે ને અત્યારે ઘણાં. ભગવાને જ્ઞાનમાં બધું ભાળ્યું છે. પણ બધું નિયત-અનિયત બે ભાળ્યા છે. મોટા મોટા નામ ધરાવનારા આમ અત્યારે ગબોડા મારે છે. ભગવાને ભાળ્યું પણ જગતના પદાર્થો જે સમયે આ જ સમયે આ પર્યાય થશે એમ નહિ. આડી અવળી પણ થાય એને પણ જાણે અને ક્રમસર થાય એને પણ જાણે. નેમિદાસભાઈ! શું કરે છે કાંઈ ખબર પડતી નથી. આ ભગવાનને ઓળખે છે અને ભગવાનની વાત કરે છે કે નહિ આ તે સર્વજ્ઞની. આચાર્ય (કહે છે), એક સમયનું જ્ઞાન પ્રભુ! તારા જ્ઞાનનો વિસ્તાર અપાર-અપાર! ઓહોહો..!

એક આત્મા એનો એક જ્ઞાનગુણ, શક્તિ, સત્ત્વ અને એની એક સમયની પૂર્ણ પ્રગટેલી દશા, એની સ્તુતિ કરનાર (કહે છે), અપાર.. અપાર.. અપાર (છે). પ્રભુ! એ આપની વિકલ્પ દ્વારા સ્તુતિ કરે છે એ તો કૂવાના દેડકા જેવા છે. સમજાય છે કાંઈ? એને આત્માનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો વિસ્તારપણાનો વિષય એને પ્રગટ થશે નહિ એમ કહે છે. ચંદુભાઈ! તારી ભક્તિમાં પણ આ? આ પ્રભુ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય જ્યોત સ્વભાવના સામર્થ્યથી ભરી છે. એમાં ડૂબકી મારીને જે આપની સ્તુતિ એટલે કે સ્વની સ્તુતિ કરે એ આપની સ્તુતિ ખરેખર કરે છે અને એને જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકનો વિસ્તાર ખ્યાલમાં એટલે જ્ઞાનના પરિણમનમાં આવી જાય છે અને એ ખરી ભક્તિ કરનાર અને સ્તુતિ કરનાર એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સંભળાય છે? એમ છેટે કેમ બેઠા છો?

**'જેમ કૂવાનો દેડકો સમુદ્રની કથા કરી શકતું નથી.'** ક્યાં સમુદ્રનું માપ! કેવળજ્ઞાન એટલે? લોકો એમ કહે છે કે વર્તમાનમાં વિચારકોમાં વિશિષ્ટ જે હોય તે કેવળજ્ઞાની કહેવાય. જ્યારે જ્યારે. જ્યારે જ્યારે તે તે કાળમાં વિશિષ્ટ વિચારક હોય એને સર્વનો જાણનાર એવા

સર્વજ્ઞ કહેવાય. અરે..! ભગવાન! તું તો કૂવાના દેડકા જેવો તારો કૂદકો છે. એને કેવળજ્ઞાની કહેવાય નહિ. બાપુ! અરિહંત. ણમો અરિહંતાણં. નમસ્કાર હો અરિહંતને. ક્યારે થાય? કે પોતાનો આત્મા રાગ રૂપી વેરીને રુચિમાંથી ખસેડી અને સ્વભાવ ચૈતન્યની ઝળક સર્વજ્ઞ પરમાત્મ તત્ત્વ હું છું એવી દૃષ્ટિ કરે ત્યારે તેને કેવળજ્ઞાનની સ્તુતિ કહેવામાં આવે. શાંતિભાઈ! ભારે વાતું, ભાઈ! એ કેવળજ્ઞાનની એણે સ્તુતિ કરી. એકલા જ્ઞાનની સ્તુતિ કરી રાગને ભેળવ્યા વિના. એકલા જ્ઞાન સ્વભાવની સ્તુતિ કરી. એ કેવળજ્ઞાન પામવાનો. એને ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં આવવાનું.

ત્યારે કહે છે એણે જાણ્યું એ પ્રમાણે થાય તો પછી આપણે પુરુષાર્થ ક્યાં રહ્યો આમાં? હવે મોટા વાંધા છે ને. આજ ક્રમબદ્ધ ચાલ્યું આપણે, અત્યારે એકથી અઢી ચાલ્યું ને. જાણ્યું એવું થાય. હજી એ વિષય આવ્યો નથી, પછી લેશે. ક્રમબદ્ધ જ્યાં બહાર પ્રમુખપણે આવ્યું ત્યારે આ બધા સર્વજ્ઞમાં પણ, કેવળજ્ઞાનીમાં પણ વાંધા ઉઠાવવા માંડ્યા. એ હવે આવશે, નહિ? ભગવાન! ધીરો થા.

જે તારી ચીજ છે એ ચીજ તો જ્ઞાનનું સત્ત્વ છે એકલું. અને જ્ઞાનનું સત્ત્વ જે છે, એક સાકરની.. શું કહેવાય છે આ? સેક્રીન. શું કહે છે એ? સેક્રીન હોય થોડી પણ મીઠાશ કેટલી હોય છે? પરમાણુ માટીમાં પણ મીઠાશ મોટો સાકરનો ગાંગડો અને સેક્રીન. કેટલી મીઠાશનો ફેર! એ મીઠાશ તે તેની દશા છે. તે તેની અવસ્થા છે. ગુણ તો એનામાં રસરૂપે પડ્યો એ ત્રિકાળ છે. પરમાણુમાં પણ. તો એ મીઠાશમાં પણ એ સાકરના ગાંગડા કરતાં સેક્રીનમાં મીઠાશનો સ્વાદ કેટલો? એ બધી અવસ્થા ક્યાંથી થઈ? એ પરમાણુના રસગુણમાંથી આવી છે.

એમ ભગવાન આત્મા એ સર્વજ્ઞ પરમાત્મા ક્યાંથી થયા? કહે છે કે જે આત્માનો અંતર સર્વજ્ઞ સ્વભાવ, એનો અંતર આશ્રય લઈ, પ્રતીત અનુભવ કરીને સર્વજ્ઞ થયા. એવી પ્રતીત અને અનુભવ કરે એ ભગવાનની સ્તુતિ કરનાર કહેવાય. અને વિકલ્પ ઊઠે તે વ્યવહાર સ્તુતિ કહેવામાં આવે છે. નિશ્ચય સ્તુતિ હોય તો તેને વિકલ્પનો વ્યવહાર સ્તુતિ કહેવામાં આવે. વ્યવહાર તે પુણ્યબંધનું કારણ, નિશ્ચય સ્તુતિ તે મુક્તિ એટલે વર્તમાન રાગથી મુક્ત થવાનું કારણ. સમજાય છે કાંઈ? એમાં પણ તકરાર (કરે છે). નહિ, ભગવાનની પૂજામાં શુભભાવ છે. એ શુભભાવમાં સંવર નિર્જરા કાંઈક છે. અરે..! શુભભાવમાં સંવર નિર્જરા નથી. એ તો આચાર્ય ભક્તિમાં વાત કરે ત્યારે એમ જ કરે ને. પ્રભુ! આપની સ્તુતિ કરે. એટલે આપની એટલે આત્માની. એમ. ઓહોહો..! બહુ ફેર.

વખાણ કરે, જેના કેવળજ્ઞાનના વખાણ. કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની હયાતી આ જગતમાં છે. એવો સ્વીકાર એ સત્તાના ચૈતન્ય સ્વભાવનો આશ્રય લીધા વિના એનો સ્વીકાર થાય નહિ. અને એને કેવળજ્ઞાન પ્રગટ્યા વિના

રહે નહિ. કહો, સમજાણું કાંઈ? એ ભગવાનને ભાળે. એ ભગવાનને ભાળે ક્યારે કહેવાય? કે ભગવાન મહિમાવંત આત્મપદાર્થ (છે) એની પ્રતીત ને જ્ઞાન કર્યું ત્યારે ભગવાનને વ્યવહારે ભાળ્યા અને પોતાના ભગવાનને નિશ્ચયે ભાળ્યા, એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ.

'**હે જિનેન્દ્ર! જીવ પુરુષ જ્ઞાનસ્વરૂપ આપનું...**' જુઓ! આપ તો જ્ઞાનસ્વરૂપ છો. પ્રભુ! આપ તો જ્ઞાનસ્વરૂપ છો. સ્વ-રૂપ છો જ્ઞાનનું. હું પણ એક જ્ઞાનસ્વરૂપ આત્મા છું. રાગાદિ અને પર આદિ મારું સ્વરૂપ નથી. '**આપનું સ્તવન...**' છે ને? '**તથા આપને નમસ્કાર નથી કરતો તેનું જ્ઞાન સમસ્ત પદાર્થોને વિષય કરનારું નથી હોતું.**' આપની સ્તુતિ કરતો નથી, આપની ભક્તિ કરતો નથી. એટલે? કે આપે કહેલું આત્મતત્ત્વ તે નિજ તત્ત્વની અંતર સ્તુતિ-ભક્તિ એકાગ્રતા કરતો નથી '**એને સકળ લોકનો વિષય થાય એવું કેવળજ્ઞાન કોઈ દિ' પ્રગટ થતું નથી.**' કહો, સમજાણું કાંઈ? વચ્ચે શુભભાવ આવે, એનો હરખ માય નહિ એટલું પુણ્ય બંધાય. અને આ પવિત્રતાની પ્રગટ દશા થાય એને વાસ્તવિક સ્તુતિ અને ભક્તિ કહે છે. '**પરંતુ જે મનુષ્ય આપની ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે તેને વિસ્તૃત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**'

પાંચમી.

अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ।
आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी।।५।।

ઓહોહો..! જુઓ આ. હે પરમાત્મા! હે સર્વજ્ઞદેવ! અરિહંત પ્રભુ ઋષભનાથ પૂર્ણાનંદને પ્રાપ્તિરૂપ પુરુષ! '**હે જિનેન્દ્ર!**' હે પ્રભુ! '**આપના નામના કીર્તનમાત્રથી...**' પાઠમાં છે ને? '**गोत्तकित्तणेण**' '**गोत्तकित्तणेण**' એ ગોત્ર તો નિમિત્તથી વાત છે. સમજાય છે? ભગવાન ઋષભદેવ આ ગોત્રના હતા. નાભિ રાજાના પુત્ર હતા. એમ આપનું નામ '**કીર્તનમાત્રથી પણ અમારા જેવાને...**' લ્યો! મુનિ કહે છે. '**આપના નામના કીર્તનમાત્રથી પણ અમારા જેવા મનુષ્યોની આગળ આજ્ઞા માગતી લક્ષ્મી દોડતી ફરે છે.**' લ્યો! શું કહે છે આ? ભગવાન! આપનું જે જ્ઞાન અને આનંદ સ્વરૂપ, એવા જેમાં તમે અવતર્યા એનું નામ લઈએ ને નામ, પણ એ નામમાં ઓલું સ્વરૂપનું સ્મરણ આવે એને નામ કહેવાય છે. નામ આત્મા. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમે તેને આત્મા કહેવાય. એવો આત્મા જ્યાં જન્મ્યા એના ગોત્રનું નામ લેતાં એ આત્માનું સ્મરણ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એનું છે. એકલા નામમાત્રથી તો પુણ્ય બંધાય. એય..! કેવળચંદભાઈ! આ બધા લાકડા સલવી દે સૌને. કે દેખો ભાઈ! ભગવાનનું નામ (લેવાથી આમ થાય). આવે છે ને વાત એક ડોશીની? સાંભળી હતી ઘણાં વર્ષ પહેલાં, એક માટલી છે ને ગામ?

ક્યાં ગયા ધીરુભાઈ? નથી? માટલી ગામ છે ને તમારા ગામ પાસે. નહિ? જામનગર પાસે? માટલી છે ને માટલી. મતવા માટલી. માટલીમાં ગયા હતા ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. ઘણા વર્ષની વાત છે હોં! એ. (સંવત) ૧૯૮૧ની સાલ. ૮૧ની સાલની વાત છે. પછી ત્યાં આવ્યો. કહે કે, ઓહોહો..! નામમાં આવો ગુણ છે! શું છે નામમાં? આ તમારા ગામનું નામ માટલી છે, કીધું. માટલી (નામ હોય તો) તે માટલી પાણી ભરવાની થઈ ગઈ? એમ ભગવાનનું નામ... (ત્યારે એ કહે), હા. હા. એક ડોશી હતા. એમ એણે દાખલો આપ્યો. ડોશી હતા તો કોઈ દિ' ભગવાનનું નામ-રામનું નામ લે નહિ કોઈ દિ'. પછી એને મરતા મરતા મરતા એને રામનું નામ લેવા માટે એક સારું રામપાત્ર (મંગાવ્યું). રામપાત્ર હોય છે ને રામપાત્ર? એ રામપાત્ર બતાવ્યું. ડોશી! આ શું છે? તો ઓલી ભડની દીકરી હતી. એટલે કહે કે એ શકોરું છે ઈ. જો રામનું નામ લેત, આ રામપાત્ર એમ કહે તો બેડો પાર થાય. ધૂળમાંય ન થાય. કુંવરજીભાઈ! ઓલી પણ બોલી શકોરું, પાછું રામપાત્ર ન કીધું.

મુમુક્ષુ :- ગામડાના ...

ઉત્તર :- ગામડામાં તો રામપાત્ર.. બિચારીને એને ખબર પણ નહિ કે આ શું છે.

મુમુક્ષુ :- એ રામપાત્ર કહેવાય એટલી પણ ખબર ન હોય.

ઉત્તર :- એ એને ખબર પણ ન હોય. આ શકોરુ કહેવાય. શકોરું? રામનું નામ લેવા માટે શકોરું લાવ્યો તોપણ રામનું નામ લેતી નથી. જો રામનું નામ લે તો એનું કલ્યાણ થઈ જાય. એમ નથી ધૂળમાંય. નમો અરિહંતાણં... અરિહંતાણં... અરિહંતાણં... ગોખીને મરી જાય. અનંત વાર જાપ કરે તો એ શુભરાગ છે. એ કાંઈ ધર્મ-બર્મ નથી. એનાથી કલ્યાણ નથી. શાંતિભાઈ!

મુમુક્ષુ :- ભગવાનનું નામ કોઈ નહિ લ્યે.

ઉત્તર :- એ તો નામ આવ્યા વિના રહે નહિ. અહીં પણ એ કીધું છે ને ત્યાં પણ કહ્યું છે ને. અનુભવ પ્રકાશમાં, નહિ? ત્યાં પણ કીધું છે 'દીપચંદજી'એ. પ્રભુ! આપના નામમાં એવી તાકાત છે કે નામમાત્ર લેવાથી પણ પાપનો નાશ થઈ જાય અને કલ્યાણ થઈ જાય. એનો અર્થ એ છે એ નામ જેનું છે એનો આત્મા કઈ જાતની ચીજને પામ્યો છે, એ ચીજ મારી ચીજમાં એ વસ્તુ ભરેલી છે, એવું નામ નામ નમન. નમન નામ વળવું નામ ઢળવું નામ જોડાવું. અંતર સ્વરૂપ પૂર્ણાનંદ જ્ઞાનથી ભરેલો, એમાં નમે તેને ભગવાનનું નામ લીધું કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? ધન્નાલાલજી ક્યાં છે? નામમાં લખ્યું છે, દેખો!

મુમુક્ષુ :- અંતરંગમાં જ્યાં સુધી ન જાય...

ઉત્તર :- અંતરંગમાં નમન નમન થાય. નમન નમનમાં ફેર છે. સમજાય છે? એક .. આમ બીજાને પકડવો હોય તો આમ નમીને પકડે. દીપડો હોય છે ને? દીપડાને પકડે છે. વિનય... વિનય... વિનયથી આમ (નમે છે). પ્રભુ! ભગવાન પાસે સિંહ આવે, વાઘ આવે

સમવસરણમાં. આમ બે પગ હેઠે રહે. હોય સિંહ. અને ફણીધર નાગ જંગલમાંથી ભગવાનના દર્શન કરવા આવે સમવસરણમાં. ત્યાં તો હાથ ક્યાં છે એને. આમ મોઢું નમી જાય. આમ ઉપરથી ફેણ માંડેને સામે? એ ફેણ આમ ન માંડતા માથુ આમ આમ કરે. એ નમન અંદરના શુભ વિકલ્પથી સર્વજ્ઞ પરમાત્માનું બહુમાન કરે છે એને પુણ્યબંધન થાય છે. અને જે સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ આત્મા, એમાં નમ્યો છે અને રાગની અધિકતા જેણે દૃષ્ટિમાંથી છોડી છે અને અધિકતા જેણે સ્વભાવની દૃષ્ટિમાં લીધી એણે ભગવાનનું નામ લીધું એમ પરમાર્થે કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આમાં તો આમ છે, જુઓ! અર્થ ફેરવી નાખો છો. ચંદુભાઈ! બધા આરોપ આપે છે માણસ, લ્યો. સાચી વાત છે?

**'અમારા જેવા મનુષ્યની પાસે આજ્ઞા માગતી લક્ષ્મી દોડી આવે છે.'** એક તો એ કે અમે અમારા ચૈતન્ય સ્વભાવમાં પ્રભુ તમારી શક્તિની જે વ્યક્તતા થઈ એનું અમારામાં સામર્થ્ય છે એમ નમીએ તો અંતરની લક્ષ્મી પણ દોડતી અલ્પ કાળમાં આવે અને આપની ભક્તિનો જે શુભરાગ થયો, એમાં એવું પુણ્ય બંધાય, જ્યાં જશો ત્યાં લક્ષ્મી મોઢા આગળ આજ્ઞા માગતી (આવશે). શું જોઈએ, શું પૈસા, શું આબરૂ કીર્તિના ઢગલા ઉપરથી. તીર્થંકરપણું સમવસરણ મળે. એના જેવી લક્ષ્મી કાંઈ ઈન્દ્રની ઋદ્ધિ (પણ નથી). એ ભગવાનના સ્મરણની સ્તુતિ, સ્વભાવના ભૂમિકાના ભાનમાં આવો રાગ થાય તો બહારની લક્ષ્મી દોડતી આવે એમ કહે છે. દોડતી આવે, અમારે ગોતવા જાવું પડે નહિ. ગોતવા સમજો છો? શોધવું-શોધન. ઢૂંઢના નહિ પડતા. તો લક્ષ્મી દોડતી આવે છે. લક્ષ્મી શબ્દે આબરૂ, કીર્તિ, પૈસા એ બધું લક્ષ્મીમાં જાય છે. પુત્ર, પુત્રી, સ્ત્રી, જગતમાં ઠાઠ માઠ જે કહેવાય, એ પ્રભુ! તારી ભક્તિના શુભરાગમાં એ લક્ષ્મી દોડતી આવે. એટલે અમારે હઠથી મેળવવી અને પ્રયત્નથી મેળવવી એમ હોઈ શકે નહિ. અને આત્માનો સ્વભાવ, એમાં અમારું નમન થાય એ તમને જ અમે નમ્યા છીએ. ત્યારે જ અમે તમારી સ્તુતિ કરી કહેવાય છે. એથી અમારી કેવળજ્ઞાન લક્ષ્મી પણ અલ્પ (કાળમાં પ્રગટ થવાની).

.. એટલે આટલી લક્ષ્મી આવે એનો અર્થ એ કે ઈચ્છા મંદ હોય છતાં લક્ષ્મીના ઢગલા, આબરૂના ઢગલા, કીર્તિના ઢગલા (થાય). તીર્થંકર જ્યાં ઉપજે, અરે..! મહાપુણ્યાનુબંધી પુણ્ય આત્માના ભાનની ભૂમિકામાં જ્યાં બંધાય, એ પુત્ર જ્યાં જન્મે ત્યાંના આગળ પાછળના પથરા નિલમપણે પરિણમી જાય અને દરિયાના માછલામાં મોતી પાકે તેવા લાખો માછલા જ્યાં કુંવર જન્મે (ત્યાં થાય). જેણે ભગવાનની ભક્તિ કરી છે એટલે ચૈતન્ય સચ્ચિદાનંદ ચૈતન્ય ચમત્કારની પ્રીતિ, રુચિને જેણે એને પ્રીતમ બનાવ્યો છે, એવા પરમાત્મ સ્વરૂપનું પોતાનું ધ્યાન કર્યું છે એની લક્ષ્મી અંતરની તો દોડતી આવે અલ્પ કાળમાં, પણ શુભરાગ થયો એ જ્યાં જાય ત્યાં એને દુનિયા પાસેથી ભાગ પડાવવો ન પડે. (હિન પુણ્યવાનની) લક્ષ્મી આબરૂ-કીર્તિ એની ચાલી જાય. અત્યારે જુઓને આ રાજા. પૂંછડા વેરો ને આ શું

કહે છે બધો? વારસા વેરો, ચુલા વેરો. નાખે છે ને બધું? ચૂલા વેરો નથી. કહો, સમજાણું? આગળ હતું પહેલાં. આ બીજી રીતે લૂંટવાની એક રીત છે. પણ એમાં જે આમ પૈસાને મેળવે એ રાજા એ રાજા નહિ. રાજ્યતે ઈતિ શોભતે ઈતિ રાજા.

પ્રભુ! અમે અમારા ચૈતન્યના... આપને પ્રગટ (થયેલી) પરમાત્મદશા, એના ભાનની ભૂમિકાની અમે રુચિ, દૃષ્ટિ અને પ્રતીત કરી છે. એના ભાનમાં અમને કેવળજ્ઞાન પણ અલ્પ કાળમાં દોડતું આવશે. દોડતું આવશે એમ કહે છે. અને શુભરાગથી બાહ્ય લક્ષ્મી પણ આજ્ઞા માગતી મોઢા આગળ જાશે. અમે જ્યાં જન્મશું ત્યાં મોઢા આગળ એવું સ્થળ (આવશે). એવા સ્થળ, એવા મા-બાપ, એવા ક્ષેત્ર, એવો સંયોગ, એવા મિત્રો એ બધા ત્યાં હાજર હશે. અમારે મેળવવા પડે નહિ. કહો, સમજાણું કાંઈ?

આ ઓલી વાત નથી કરતા? એક પુણ્યહિન પ્રાણી હતો. તો અહીં ઘરે હંમેશા જુવારનો રોટલો અને કળથી ખાતો. કળથી સમજો છો? કળથી હોય છે. કુળથી સમજો છો? ધન્નાલાલજી? કાળુ આટલું નાનું કઠણ અનાજ હોય છે. તો ઘરે જુવાર... જુવાર સમજો છો? જુવારનો રોટલો અને કળથી ખાતો હતો. એક વાર વિચાર થયો કે સદાયનું આ છે. લાવને આજ દીકરી ને બહેનને ત્યાં જાવ. ત્યાં તો લાપસી અને લાડવા મળશે. ત્યાં જાય ત્યાં એને પણ ઘરમાં નવી જુવાર આવેલી અને કળથી નવી આવેલી. એને વિચાર થયો કે આજે જુવારના રોટલા અને કુળથી કરીએ. એમાં આવ્યો ઓલો દસ વાગે બરાબર. આવો. આવો. જ્યાં કળથી ને રોટલો પડ્યો, જય નારાયણ. મોઢા આગળ આવીને પડી ગયો. હું જાણું કે આને મૂકીને આવું ને ક્યાંક બહેન દીકરીને ત્યાં જાઉં તો લાપસી મળશે. શાંતિભાઈ! જય જુવાર માતા! મારા નસીબમાં એ મોઢા આગળ હતી. ઓલા કહે, પણ હમણાં નવી જુવાર આમ તાજી આવી છે અને કળથી પણ.. કળથી મેવા કહેવાય છે, હોં! શાક એવું સરસ કર્યું છે. ચડી ગયું ફર્સ્ટ ક્લાસ. પચી જશે તમારા. બાજરાનો રોટલો કે જુવારનો. નાખ્યું એમાં ઘી. ઓય માળું, આ એનું એ નસીબમાં મોઢા આગળ આવ્યું આ તો.

અહીં સર્વજ્ઞની સ્તુતિ કરતાં મુનિ મહારાજ ભાવલિંગી સંત છે (એમ કહે છે), અમે જ્યાં જશું ત્યાં પુણ્યના ફળ મોઢા આગળ આવશે. સમજાય છે કાંઈ? અને પવિત્રતા પ્રગટ થવાની દોડતી. એટલે? અલ્પ કાળમાં શીઘ્ર કાળમાં અમે કેવળજ્ઞાન લેવાના છીએ અને પુણ્યના સંયોગો પણ દોડતા અમને આવવાના. એ પ્રભુ તારી ભક્તિનું ફળ છે. એમ કરીને વિનયથી વર્ણવે છે. ભગવાનજીભાઈ!

'**હે જિનેન્દ્ર! આપના નામમાં પણ એટલી શક્તિ છે.**' નામમાં શક્તિ છે એમ લખ્યું છે, જુઓ! કે '**આપના નામના કીર્તનમાત્રથી જ અમારા જેવા મનુષ્યોની આજ્ઞા માત્રથી લક્ષ્મી-કીર્તિ...**' સમજાય છે? લક્ષ્મી '**દોડતી ફરે છે.**' લ્યો! '**આજ્ઞા માગતી.**' તો પછી જે મનુષ્ય સાક્ષાત્ આપને પ્રાપ્ત કરી લે છે, સાક્ષાત્ પ્રાપ્ત કરી લે છે એટલે આત્માનો

સાક્ષાત્ રાગરહિત, મનના સંગ રહિત અસંગ પદાર્થને સાક્ષાત્ પ્રાપ્ત કરે એને તો શું કહેવું? તેની તો વાત જ શી? '**તેને તો જરૂર અંતરંગ તથા બાહ્ય લક્ષ્મીની પ્રાપ્તિ થશે.**' જુઓ! આ ભગવાનની ભક્તિ. આ સમજણના ભાનની ભૂમિકામાં ભક્તિ. એકલા રાગડા (તાણે) અને એકલા બહારના સમજ્યા વિના કરે એને પુણ્યબંધન થાય. પણ સાથે મિથ્યાદૃષ્ટિ એ પુણ્યના પરિણામને કલ્યાણનું કારણ માનીને એમાં ઘૂંટાયા કરે એને મિથ્યાત્વ નામ અસત્ય દૃષ્ટિ, દુઃખ દૃષ્ટિનો લાભ થાય. એને આ લક્ષ્મી નિશ્ચય અને વ્યવહાર એકેય મળે નહિ.

છઠ્ઠી.

जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।
संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।

'**હે જિન સર્વજ્ઞ!**' હે જિનેશ્વર! '**જ્યારે આપ સર્વાર્થસિદ્ધિના વિમાનમાં હતા...**' જુઓ! હવે શું કહે છે? પરમાત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વરૂપ ચતુષ્ટય દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદને પામ્યા, એવા પરમાત્માનું જેને અંતર લક્ષ અને દૃષ્ટિ થઈ અને એ પરમાત્માની ભક્તિ જેને ઉછળી, જ્યાં ત્યાં પરમાત્મા ભાળે. જ્યાં-ત્યાં એ પરમાત્મા-પરમાત્મા. એની જ મહિમા અને અધિકતા ભાળે છે. પ્રભુ! આ ઋષુભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધમાંથી આવ્યા છે. સર્વાર્થસિદ્ધ એક દેવ છે માથે. વૈમાનિકનો છેલ્લો. એ આવ્યા છે મહાવિદેહ ક્ષેત્રમાંથી. ત્યાં મહામુનિ હતા અને તીર્થંકરગોત્ર ત્યાં બાંધેલું હતું. ત્યાંથી દેહ છૂટી સર્વાર્થસિદ્ધ દેવ વૈમાનિકનો છેલ્લું વિમાન છે. એમાં એમનો અવતાર થયેલો. મહા આત્મા.

કહે છે, પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધ વિમાનમાં હતા ને ત્યારે એની જે શોભા હતી એ આપ ત્યાંથી નીકળીને જ્યારે મરુદેવીની કૂંખે આવ્યા (તો) ત્યાંની શોભા લૂંટાઈ ગઈ. સમજાય છે? અહીં તો કહે છે કે જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્માની પ્રાપ્તિ થઈ ત્યારે ઓલા રાગ અને પુણ્યની શોભા કહેવાય છે. નહિતર એ શોભા-બોભા કહેવાતી નથી. પ્રભુ! આપ સર્વાર્થસિદ્ધમાં હતા ત્યારે જે વિમાનની જેવી શોભા હતી, તે શોભા આપ આ પૃથ્વીતળ પધારતા '**આપના વિયોગથી થયેલા દુઃખને લીધે નષ્ટ થઈ ગઈ.**' લ્યો, શું કીધું? ત્યાં સર્વાર્થસિદ્ધના વિમાનને દુઃખ થયું કે આહાહા..! અમથું આમ નથી કહેવાતું? પુણ્યવંત પ્રાણી, પૈસા આદિ હોય એને જ્યારે બાળવા લઈ ગયા. પહેલા જ્યાં સુધી હતું ત્યાં સુધી આમ શોભા ભરેલું બધું લાગે. એ તો ઓલા પુણ્ય છે ને એટલે પોતાને મહિમા એના ઉપર (આવે). ઘર શોભતું ભરેલું બધું લાગે. જ્યાં બાળીને આવ્યા મસાણમાંથી... આહાહા..! સુનકાર-સુનકાર. શિરછત્ર ગયા. આજ્ઞા એની હતી અમારા ઉપર એ ગયા.

એમ ભગવાન આપ સર્વાર્થસિદ્ધ.. જુઓ! આ ભગવાન.

હરતા ફરતા પ્રગટ હરિ દેખું. અરે મારું જીવવું સફળ તવ લેખું.
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી હમારી રે.

પરમાત્મા પાપના હરનાર ને વિકારનો નાશ કરનાર એવા હરિ નામ પરમાત્મા. એ હરિ હોં! બીજા હરિ હરિ કહે છે એ નહિ. શાંતિભાઈ! પાપ ઓઘં હરતિ ઈતિ હરિ. જેણે વિકારના પુણ્ય-પાપના ઓઘના ઢગલાને હણીને જેણે આત્મદશા પ્રગટ કરી, એવી જેને શ્રદ્ધા આત્માની થતાં ભગવાનની વ્યવહારે શ્રદ્ધા લક્ષમાં વર્તે છે, એ કહે છે કે 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું.' પ્રભુ! સર્વાર્થસિદ્ધમાં પણ તું હતો તો શોભા (હતી), હોં! પણ ત્યાંથી તું નીકળ્યો ત્યાં દુઃખ થયું એને. નષ્ટ થઈ ગઈ ત્યાંની શોભા. અને અહીંની શોભા (થઈ ગઈ). શું કહે છે આ?

આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની પ્રતીત, રુચિને લઈને બધી શોભાઓ છે. ત્યારે એ શુભભાવને પણ વ્યવહારની ઉપમા અપાય છે. અને એ આત્માની શોભા ખસી અને રાગથી આત્માનું સમીપણું ટળ્યું, રાગ ને પુણ્યનું સમીપપણું થયું (એ તો દુઃખદાયક છે). અને રાગ ને પુણ્યનું સમીપપણું ટળીને સ્વભાવનું સમીપપણું થયું તો પુણ્યને શોભા વ્યવહારની કહેવામાં આવે છે. અને એકલા રાગનું સમીપપણું રહ્યું તો પ્રભુ એ તો દુઃખદાયક છે. કહો, સમજાણું કાંઈ?

ઓહો..! મુનિઓએ તો વીતરાગપણાના ગાણા ગાયા છે. 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું.' 'આનંદઘનજી' કહે છે.

ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું. ભંગ ન પડશો હો પ્રિત જિનેશ્વર,
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળ વટ રીત જિનેશ્વર,
એ અમ કુળ વટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું.

ધર્મ નામ આત્માનો પવિત્ર શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો જ્યાં આદર અંદર થયો, એના ગાણા ગાઈએ ત્યાં હે નાથ! હે આત્મા! રાગની એકતારૂપ જે અંદર ભંગ પડે એ થશો નહિ. 'ભંગ ન પડશો પ્રિત...' પ્રભુ! આત્માના સ્વભાવની પ્રીતિ, રુચિ ને સંતોષ જાગ્યો, એ હવે ભંગ ન પડશો. એમ ભગવાનને સ્તવન કરતાં પોતાના સ્વભાવનું સ્તવન કરે છે. વાસ્તવિક તો આમ છે. કેવળચંદભાઈ!

'બીજો મન મંદિર આણું નહિ.' આત્માની વીતરાગ દૃષ્ટિ અને વીતરાગ સ્વભાવ સિવાય રાગને, પરને મનમંદિરમાં અંતરમાં આવવા ન દઉં. 'ભંગ ન પડશો પ્રીત (જિનેશ્વર), બીજો મનમંદિર આણું નહિ એ અમ કુળવટ રીત...' અનંતા તીર્થંકરો, સર્વજ્ઞો પરમાત્મા થયા, એના કુળના કેડાયત અમે. નેમિદાસભાઈ! એમ કહે છે. એના કુળના કેડાયત અમે. એ અમારા કુળવટની રીત તૂટશે નહિ. એ અમ કુળવટ રીત.

અહીં એમ કહે છે કે હે પ્રભુ! આપ જ્યારે બિરાજતા વિમાનમાં (ત્યારે) એવી શોભા એની લાગતી. અને ત્યાંથી છૂટ્યા (એટલે) શોભા ગઈ. એમ હું શંકા નામ અનુમાન કરું છું. અનુમાન એટલે આ તો એક .. છે. શોભા તો છે ઈ આત્માની છે. એ વિમાન તો ત્યાં ને ત્યાં છે. એ કાંઈ ત્યાંથી ઓછા વત્તા થતાં નથી. પણ પ્રભુ ત્યાં બિરાજતા અને

અમારી જે લક્ષ અને દૃષ્ટિ હતી, અમારી દૃષ્ટિમાં આત્મા જ્યાં હતો એને લઈને બધી શોભા છે. બાકી બહારની સામગ્રી, બાયડી, છોકરા, કુટુંબ ને ખમા ખમા છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તીને, છન્નું કરોડ પાયદળ, રતનના ઢગલા જેને ઘરે. એ એની શોભા નથી. શોભા તો ચૈતન્ય તત્ત્વની છે. એવા સ્વભાવને પામીને ત્યાં પડ્યા હતા એથી વિમાનની શોભા હતી. ત્યાંથી નીકળ્યા, એની શોભા નષ્ટ થઈ ગઈ.

'**હે ભગવન્! આપમાં એક પ્રકારની અતિ મહાન ખૂબી વર્તે છે.**' ખૂબી એ છે કે જ્યાં આપ નિવાસ કરો છો ત્યાં જ... કહો, સમજાણું? '**ત્યાં જ ઉત્તમ શોભા રહે છે. કેમકે જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં બિરાજમાન હતા ત્યારે તે વિમાનની ઘણી મોટી શોભા હતી.**' ઘણી મોટી શોભા હતી. '**પરંતુ જ્યારે આપ ત્યાંથી ઉતરીને આ પૃથ્વી ઉપર પધાર્યા...**' અવતર્યા '**ત્યારે તે વિમાનની શોભા પહેલા જેવી ન રહી. પણ આ પૃથ્વીતળની શોભા અધિક થઈ ગઈ.**' આ તું (જ્યાં) હોય ત્યાં (બધી શોભા છે). 'નિયમસાર'માં કહે છે ને આચાર્ય? મારા દર્શનમાં પણ આત્મા, જ્ઞાનમાં પણ આત્મા અને ચારિત્રમાં પણ આત્મા. '**जस्स संणिहिदो अप्पा**' '**जस्स संणिहिदो अप्पा**'. જ્યાં આત્મા જેના અંતર સ્વભાવની દૃષ્ટિમાં, સમીપમાં વર્તે છે ત્યાં બધું દર્શન, ત્યાં જ્ઞાન બધું, ચારિત્ર ને આનંદ ને શાંતિ ને શોભા છે. પણ આત્મા દૃષ્ટિના સમીપમાંથી ગયો અને પુણ્ય ને પાપ ને નિમિત્તની દૃષ્ટિના સમીપમાં આવ્યો, બધી શોભા ભ્રષ્ટ (થઈ ગઈ). ચંદુભાઈ! આવે છે ને? 'નિયમસાર'માં આવે છે.

'**जस्स संणिहिदो अप्पा**'. જેનો આત્મા સંનિદ્ધિ-નજીકમાં વર્તે છે. અને રાગ ને પુણ્ય ને નિમિત્ત જેના વિયોગમાં વર્તે છે દૃષ્ટિમાં. પૃથક્‌પણે કહો, વિયોગપણે કહો, જુદાપણે કહો. અને જેની દૃષ્ટિમાં રાગરહિત, પુણ્ય-પાપના મલિનભાવ રહિત ચૈતન્યસ્વભાવની સમીપતામાં જે વર્તે છે ત્યાં દર્શન છે, ત્યાં જ્ઞાન છે, ત્યાં ચારિત્ર છે, ત્યાં તપ છે અને ત્યાં ધર્મ છે. બીજે ક્યાંય ધર્મ હોતો નથી. તો અહીં કહે છે, અહીંયાં પૃથ્વીતળની શોભા હવે અધિક થઈ ગઈ. ત્યાંની શોભા ટળીને અહીંની થઈ.

સાતમી.

णाहिघरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा।
आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया।।७।।

લ્યો! હવે અહીંનું લીધું. આહાહા..! જ્યાં હોય ત્યાં તું અને તારા જ્ઞાનના ગાણા અને જ્ઞાનની પ્રીતિ-રુચિ ન હોય તો તું ક્યાંય બીજે નથી.

'**હે જિનેશ્વર! આપ જ્યારે આ પૃથ્વીતળ ઉપર અવતર્યા ત્યારે નાભિરાજાના ઘરમાં ઘણા કાળ સુધી...**' શું કીધું? '**આકાશમાંથી ઘણા કાળ સુધી જે ધનની વૃષ્ટિ થઈ,...**' ધનની ધારા. ધનની ધારા અર્થાત્ ધનની વર્ષા થઈ '**તેને લીધે આ પૃથ્વી વસુમતિ...**'

શું કહે છે? વસુ એટલે પૃથ્વી. વસુ એટલે પૈસો. આ વસુ વિનાના નર પશુ નથી કહેવાતા? વસુ વિનાના નર પશુ. ભગવાનજીભાઈ! કહેવાની વાત છે. અને જ્યાં વસુ હોય ત્યાં ગાંડા હોય એ ડાહ્યા કહેવાય.

મુમુક્ષુ :- ગાંગજીભાઈ કહેવાય.

ઉત્તર :- હા. વસુ આવી એટલે ગાંગજીભાઈ, નહિતર ગાંગલો કહેવાતા. કેવળચંદભાઈ! એ દુનિયાની વાતું. વસુ એ નહિ.

અહીં તો વસુ એટલે લક્ષ્મી. આત્માની લક્ષ્મી જે છે એ જ્યાં અંતરમાંથી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં પ્રગટી ત્યારે શોભાને પામ્યો. હું શોભાને પામ્યો અને પૃથ્વી પણ શોભાને પામી. અહીં તો કહે છે કે એ પૃથ્વી ત્યારથી વસુમતિ કહેવામાં આવી. પહેલી વસુમતિ નહોતી. વસુ નામ લક્ષ્મીવાળી ત્યારે કહેવાણી. છે તો અનાદિની પણ આમ પૃથ્વીને પણ એ જ્ઞાનથી ભાળે છે. અમે પૃથ્વીને નથી જોતા, અમે અમારા જ્ઞાનને જોઈએ છીએ. શું કહ્યું સમજાણું?

ત્યાં વિમાનની શોભે જે હતી તે અમારા જ્ઞાનનું જ્ઞેય, એમાં એ જ્ઞેયને ખરેખર નથી અમે જોતાં. અમે તો તે કાળે પણ અમારા જ્ઞાનને જ જોતા, અમે સ્વર્ગમાં હતા ત્યારે બીજા ભવમાં. એમ પરમાત્મા આપ પણ આપના જ્ઞાનને જ ભાળતા અને જોતા. અહીં નીચે અવતર્યા તો વસુ-પૃથ્વીને આપ નથી જોતા. પૃથ્વીથી શોભા નથી. આપના જ્ઞાનની ઊર્ધ્વતા પહેલી (થઈ),... જેના જ્ઞાનમાં સ્વ આવ્યા વિના પરનું જ્ઞાન થાય નહિ. એટલે જ્ઞાનની જેમાં મુખ્યતા થઈ, એને લઈને આ બધી શોભા પૃથ્વીની થઈ છે. સમજાણું કાંઈ? સમજવું ભારે મુશ્કેલ પડે એવું છે. કુંવરજીભાઈ! શું આમાં એક એક કડી યાદ રહે એવું છે?

મુમુક્ષુ :- આ કડીનો મુદ્દો-વસુનો યાદ રહે.

ઉત્તર :- એ વસુ અને ધૂળમાં એ વસુ ક્યાં હતી? એ વસુના ઢગલા પડ્યા હોય અને પછી દુઃખ આવે શરીરમાં, રોગ આવે. શાસ્ત્રમાં એમ લેખ છે કે તું મારી મારી લક્ષ્મી કરતો અને એના ઢગલા કર તારી પાસે અને ઢગલા કરીને પ્રાર્થના કર. હે લક્ષ્મી! તારા માટે ખાધા નથી, પીધા નથી, સખના સુતા નથી અને છોકરા માટે, મેળવવા માટે મરી ગયો આખી જીંદગી. આ ઢગલા (થયા પણ) હવે મારી દુર્ગતિ થાશે અહીંથી મરીને. તો કાંઈક તું શરણ કરજે લક્ષ્મી!

મુમુક્ષુ :- લક્ષ્મીએ કંઈ જવાબ આપ્યો કે નહિ?

ઉત્તર :- આપ્યો એણે કે અમે કોઈના થયા નથી અને કોઈના અમે ક્યાંય રહ્યા નથી. તું મફતનો મમતા કરીને અહીં ચોંટ્યો છો. લક્ષ્મીના ઢગલા એવું આવે છે, ભાઈ આમાં. સૂયગડાંગમાં એક લેખ આવે છે. લક્ષ્મીવાળો હતો એક મોટો અને પછી એની મરવાની તૈયારી થઈ. પછી એમ કે લક્ષ્મીના ગંજ કરાવ્યા બધા. કે મારી પેદાશ મારી પાસે બતાવો મને.

આમ ઢગલા કર્યા.

મુમુક્ષુ :- સિકંદર..

ઉત્તર :- ના, એ તો સિકંદરની વાત જુદી છે. આ તો શ્વેતાંબરમાં સૂયગડાંગમાં આવે છે. એ તો આવે છે, મને ખબર છે સિકંદરની. ખબર તો હોય ને બધી વાતુંની. ઘણી નાની ઉંમરથી સાંભળતા આવીએ ને. એ સિકંદર મરી ગયો ત્યારે કહે આ બધા ઢગલા કરો. અને મરતા ટાણે જેણે મારા વર્ષાસિન ખાધા એવા ડૉક્ટરોને, વૈદોને, હકીમોને માથે આ મડદું ઉપાડજો. સમજાય છે? હકીમોને અમે વારસા આપ્યા એ અમને રાખી શક્યા નથી. ત્યારે મારો જનાજો એ વૈદો, હકીમોને માથે (ઉપડાવજો). લોકોને ખબર પડે કે આટલા અબજો રૂપિયા હતા છતાં કોઈ આને રાખી શક્યા નહિ. આ હકીમો માથે ઉપાડીને દાટવા લઈ જાય છે. કહો, બરાબર હશે કે નહિ? કુંવરજીભાઈ! કોણ રાખતું હશે? હકીમ રાખતો હશે? હકીમ એને લઈ જાવ. અને આ મારા બધા જે બંદુકોના જે લશ્કરો મડદા મોઢા આગળ કરજો. જનાજાની મોઢા આગળ રાખજો, ઢગલા કરજો અને ત્યાં કબરમાં જ્યાં દાટો ત્યાં ઢગલા દેખાડજો કે આ મરી ગયો, કાંઈ લઈ ગયો નથી અને કાંઈ હો.. હા.. હા.. મરી ગયો તે મરી ગયો. હકીમે રાખ્યો નહિ, પૈસે રાખ્યો નહિ, દીકરાએ રાખ્યો નહિ. મોટા મોટા લશ્કરના બંદુકો જ્યાં હજારો .. કરે ને આમ ફલાણું ફલાણું કરે છે ને. ઉતરે ત્યારે નથી કરતા આમ કરીને?

મુમુક્ષુ :- સલામી આપે.

ઉત્તર :- સલામી આપે, સલામી. ત્યાં આપી હતીને એક ફેરી દયાશંકરભાઈની. ઓલા મેદાનમાં. આપણે છે ને દેરાસર પાસે મેદાન? દયાશંકરભાઈને બધા પોલીસે સલામી આપી. એ દયાશંકર પાછા બેસી ગયા જુનાગઢ.

અહીં તો કહે છે, અરે..! એ બહારની સલામી ને બહાર થોથે થોથાં સ્મશાનમાં, એ સ્મશાનમાં લાકડા ચીતરામણ કરીને, રંધો મારીને કે પાલેસ કરીને એને બાળે કે એવા ને એવા લાકડા ને છાણે બાળે એમાં મડદાને કાંઈ નથી. હશે એમાં કાંઈ શોભા હશે કે નહિ મડદાની? ઓલામાં આવે છે. મડદાને એવું કહે. મડદું હોય ને એને ચાર નાળીયેર બાંધ્યા હોય ને. ચાર બાજુ ચાર. દુઃખ થાય એના ઘરનાને. અરે..! પણ નાળીયેર બાંધ્યા છે ને. અર..ર..! પણ આ વીસ વર્ષનો જુવાન. અઢાર વર્ષની મૂકીને ગયો, ચાલ્યો જાય. હાય-હાય. 'હાર બળે લકડી, કાસ બળે જો કેશ.' ઘાસ બળે એમ કેશ બળે છે. આહાહા..! અરે..! એ અહીં વાત નથી અહીં તો કહે છે.

અહીં તો જેણે શાશ્વત ચૈતન્ય તત્ત્વ દૃષ્ટિમાં લીધું એની લક્ષ્મીની શોભા તેના કાળમાં એને પોતાને પ્રગટ અહીં થઈ છે. હું જ્યાં લક્ષ્મી આત્માના ચૈતન્યની લક્ષ્મી સહિત હોઉં ત્યાં જ મારી અને પરની બધી શોભા. એને લઈને છે. પરને લઈને કાંઈ મારી શોભા નથી.

ધનની વર્ષા થઈ. શું કહે છે? ભગવાન જન્મ્યા પહેલા, છ મહિના પહેલા ઈન્દ્રો આવીને વર્ષા કરે. આકાશમાંથી પોતે વર્ષા કરે, આકાશના પરમાણુઓનો સ્કંધ, કુદરતી સ્વભાવિક પુરુષ છે અને આત્માના ભાનની ભૂમિકા લઈને આવેલ છે તો તે પરમાણુના સ્કંધ હીરા અને રતનપણે પરિણમીને ઢગલા એના શું કહેવાય? એના મકાનના આંગણામાં, એ મકાનના આંગણામાં આકાશમાંથી હીરા પડે. ઓહોહો..! અને ઈન્દ્રો આવીને વર્ષા કરે. પ્રભુ! આપની શોભા તો જુઓ! એ આપની શોભાને લઈને આ બધી શોભા છે. આપે જો ચૈતન્યમૂર્તિના ભાન ન કર્યા હોય તો શોભા ક્યાંય છે નહિ. કહો, આ છ મહિના એ અને નવ મહિના માતાના પેટમાં રહે છે ત્યાં સુધી ઈન્દ્રો નવ મહિના વર્ષા કરે છે. ઈન્દ્રો આવીને. ઈન્દ્રો જેના સેવકો, ઈન્દ્રો જેના કીંકર. કીંકર. શું કરીએ? શું દઈએ? શું લઈએ? એવું પુણ્ય આત્માની સત્ શક્તિના સ્વભાવના અવલંબે જેની ભૂમિકા છે એને એવા રાગની વૃત્તિમાં આવું પુણ્ય બંધાય. ત્યારે તે પુણ્યને વ્યવહાર સત્પુણ્યનો આરોપ દેવામાં આવે છે. એ સત્પુણ્ય, લ્યો. આ સત્સ્વભાવ પ્રગટ્યો. એટલે રાગ થયું તેને સત્પુણ્ય કહેવામાં આવ્યું. ત્યારે એ પુણ્યની શોભા થઈ.

**'આકાશમાંથી જે વસુની ધારા, ધનની વર્ષા થઈ તેને લીધે આ પૃથ્વી વસુમતિ થઈ.'** નહિતર તો વસુમતિ આ હતી નહિ. તારે લઈને પ્રભુ છે, તારે લઈને આ બધું છે. એટલે ચૈતન્ય સ્વભાવ નિર્લેપ, નિર્દોષ, નિર્ગ્રંથસ્વરૂપી પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાને લઈને બધી ક્રિયાઓ વ્યવહારની, પૂજા ને ભક્તિ ને દયા ને દાનને વ્રત ને વ્યવહારની શોભા આત્મામાં આવે. નહિતર એને વ્યવહાર પણ કહેવાતો નથી. કહો, સમજાણું આમાં કાંઈ? **'પૃથ્વીનું નામ વસુમતિ છે અને જે ધનને ધારણ કરનારી હોય તેને વસુમતિ કહેવાય છે. તેથી ગ્રંથકાર ઉત્પ્રેક્ષા અલંકાર કરે છે.'** એ જાતની વિચારધારામાં પુણ્યનો ઠાઠ એને ન ગણતા પવિત્રતાને ગણી અને પુણ્યની શોભા વ્યવહારે છે એમ કહેવા માગે છે.

**'વળી આ પૃથ્વીનું જે વસુમતિ નામ પડ્યું છે તે ભગવાનના આપની કૃપાથી જ પડ્યું છે.'** હે ભગવાન! આપની કૃપાથી પડ્યું છે. **'કેમ કે જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી આ પૃથ્વી મંડળ ઉપર આવ્યા, પૃથ્વી મંડળ ઉપર અવતર્યા ત્યારે બરાબર પંદર માસ-મહિના સુધી રત્નોની વૃષ્ટિ થઈ.'** જગતને આચાર્ય તો કહેવા માગે છે કે પવિત્રતાની ભૂમિકામાં પુણ્યના ફળ કેવા (હોય) એ લોકોને વિશ્વાસમાં આવે એવા નથી. પવિત્ર ચૈતન્ય શક્તિનો પ્રભુ, એની તો પ્રતીત કેમ આવે? પણ એના પ્રતીતની ભૂમિકામાં બંધાયેલો રાગ અને રાગના ફળરૂપે જે સંયોગ આવ્યો, પંદર મહિના રત્નોની વૃષ્ટિ (થાય). વિશ્વાસમાં આવે નહિ માણસને. સમજાય છે? પંદર મહિના વૃષ્ટિ. છ મહિના પહેલાં જ્યાં નરકમાંથી પણ નીકળે તીર્થંકર, જેમ આ શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. ચોર્યાશી હજાર વર્ષનું આયુષ્ય છે. જ્યારે છ માસ બાકી રહેશે ત્યારે તીર્થંકરપણે જ્યાં અવતરશે, આયુષ્ય

બંધાશે. આયુષ્ય બંધાશે એટલે દેવો આવીને અહીં માતાને ત્યાં એના આંગણામાં રત્નની વૃષ્ટિ કરશે. અને પછી માતાના ઉદરમાં આવ્યા પછી તો નવ મહિના વૃષ્ટિ (થશે). પંદર મહિના. સવા વર્ષ. સવાયુ કામ છે એનું. ભગવાનજીભાઈ! રતનના ઢગલા. અહીં પાંચ-પચ્ચીસ લાખ થાય ત્યાં ઓહોહો..! આપણે મેળવ્યા, આપણને મળ્યા. ધૂળેય મળી નથી. મમતા મળી છે. આ અમને મળ્યા એવી મમતા (મળી છે).

અહીં આચાર્ય મહારાજ કહે છે કે, પ્રભુ! વસુમતિ આપને લઈને નામ પૃથ્વીનું પડ્યું, હોં! આપ હો ત્યાં વસુમતિ, આપ ન હોય ત્યાં આ પૃથ્વીને વસુમતિ કહેતા નથી. સમજાય છે આમાં? **'જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી આ પૃથ્વી મંડળ ઉપર આવ્યા ત્યારે બરાબર પંદર મહિના રત્નોની વૃષ્ટિ થઈ. આ પૃથ્વીનું નામ ત્યારે પૃથ્વી મંડળમાં નાભિ રાજાના ઘરે વૃષ્ટિ થઈ હતી. તેથી પૃથ્વીનું સમસ્ત દારિદ્ર દૂર થયું.'** શું કહે છે? એટલી બહારમાં લક્ષ્મી આવી કે જગતના પ્રાણીઓ નિર્ધનના દરિદ્ર ટળ્યા. અમે પણ પ્રભુ **'આપની જ્યાં વસ્તુની સ્થિતિને સંભાળીએ છીએ, જોઈએ છીએ ત્યારે અમારું દારિદ્રપણું નાશ થઈ જાય છે.'** અને દારિદ્રપણું નાશ થઈને પુણ્ય બંધાતા જે લક્ષ્મી બહાર આવે એનું વ્યવહારે દારિદ્રપણું અમારું અને પરનું પણ નાશ થાય. એ બધી શોભા ચૈતન્ય ચમત્કાર આત્માના, પરમાત્માના ગુણ ગાવામાં છે. એ પરમાત્મા સર્વજ્ઞ છે એ પ્રતીતમાં આવવા અને એ પ્રતીતથી સ્વસન્મુખ થાવું, આ એની શોભા એ બધી શોભા છે. એ સિવાય બીજી શોભા હોતી નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)